ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૩ ટકા

# સેકટર-૮માં ઉચ્ચ અધિકારીના ઘરમાં તસ્કરો ત્રાટક્યા

## પરિવાર છત્તીસગઢ ગયો હતો તે સમયે તસ્કરો ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૮૯ હજારની મત્તાની ચોરી કરી પલાયન

ગાંધીનગર, તા.૧૯

સુરત શહેરના જીએસટી વિભાગના સંયુકત કમિશનરના ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. શહેરના વીઆઈપી સેકટર-૮ માં રહેતા કમિશનર મિત્રના ઘરે છત્તીસગઢ ગયા હતા, તે સમયે તસ્કરોએ ઘરના પાછળના દરવાજાની લોખંડની ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ બેડરૂમમાં રહેલો સામાન વેર-વિખેર કરી ચાંદીના દાગીના, કાંડા ઘડીયાળ અને રોકડ મળી કુલ રૂ.૮૯ હજારની મત્તાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા છે.બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ સુરેન્દ્રનગરના વતની અને હાલ ગાંધીનગર સેકટર-૮ બી પ્લોટ નં.૬૫૫-૧ ખાતે રહેતા કમલ દિનકરરાય શુકલ પરિવાર સાથે રહે છે. કમલ શુકલ સુરત શહેર જીએસટી વિભાગ સંયુકત કમિશનર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૧૧ ડિસેમ્બરના રોજ બપોરના આશરે બે વાગ્યાના અરસામાં પરિવાર સાથે તેઓ ઘરને લોક મારી છત્તીસગઢ ખાતે મિત્રના ઘરે ગયા હતા.રાત્રીના સાડા આઠ વાગે તેઓ ઘરે પરત ફર્યા હતા. ત્યારે તેઓએ જોયુ તો ઘરના ગેટનું લોક ખુલ્લુ હતું. જેથી કમલ શુકલએ ઘરના મુખ્ય દરવાજાનું લોક ખોલી ઘરમાં જઈ તપાસ કરી તો ઘરનો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. જેથી ઘરમાં તપાસ કરતા ઘરના પાછળના દરવાજાની ગ્રીલ તુટેલી હાલતમાં હતી. જેથી ઘરમાં મુકેલ સામાન ચેક કરતા ચાંદીની લક્ષ્મીજીની મૂર્તિ આશરે ૧૦૦ ગ્રામ વજનની કિં.રૂ.૬ હજાર, ચાંદીના ગીલેટવાળી બંગડીઓ ૧૦૦ ગ્રામની નંગ-૧૨ કિં.૬ હજાર,ચાંદીની બુટ્ટી નંગ-૪ કિં. ૨ હજાર મત્તાની તેમજ એક રાડો કંપનીની કાંડા ઘડીયાળ નંગ-૧ કિં.૭૦ હજાર અને રૂ.૫ હજાર રોકડ મળી કુલ રૂ.૮૯ હજારની મત્તાની ચોરી થવા પામી છે. વીઆઈપી સેકટરમાં ચોરી થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસ દોડતી થઈ છે.

# પંચદેવ મંદિરમાં શ્રીમદ ભાગવત કથાનો મોટી સંખ્યામાં ભકતોએ લાભ લીધો



ગાંધીનગર, તા.૧૯

પંચદેવ મંદિર ખાતે શ્રીમદ ભાગવતકથાનું આયોજન કરેલ છે. જેમાં હવે પાંચ દિવસ બાકી છે. શ્રીમદ ભાગવત કથાના પ્રથમ દિવસે પંચદેવ મંદિરના ટ્રસ્ટી અમિતભાઈ સાથે ટ્રસ્ટી રાધેશ્યામ યાદવ, સંતરામદાસ યોગી મહારાજ, સંત સીતારામ બાપુ, પંચદેવ ભજન મંડળના લાલુદાદા અને પંચદેવ મંદિરના ભાનુભાઈ શાસ્ત્રી મહારાજ અને ભકતોએ મોટી સંખ્યામાં કથાનો લાભ લીધો હતો. ભાગવત કથાને પાંચ દિવસ બાકી છે જેનો લાભ લેવા સૌને હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ વણકર સમાજ દ્વારા તૃતીય જીવનસાથી પસંદગી સંમેલન યોજાયું





ગાંધીનગર, તા.૧૯

શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ(પાંચ ગોળ) વણકર સમાજ, ગાંધીનગર દ્વારા વણકર જ્ઞાતિના તમામ ગોળ/પરગણાના યુવક-યુવતીઓને તેમના જીવન શૈલી, જીવનધોરણ અને શૈક્ષણિક લાયકાતને અનુરૂપ પોતાના જીવનસાથી મળી રહે તેવા શુભ આશય અને ઉમદા હેતુથી તૃતીય જીવનસાથી પસંદગી મેળો આજરોજ યોજાયો હતો. જેમાં વણકર સમાજના ૩૫૧ યુવક-યુવતીઓ ભાગ લીધો હતો. આ જીવનસાથી પસંદગી મેળામાં લગ્ન/ પુનર્લગ્ન/ શારીરિક વિકલાંગતા ધરાવતા તથા વિધુર/ વિધવાએ પણ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

આ કાર્યક્રમ પ્રસંગે આમંત્રિત મહેમાનોમાં સમારંભના પ્રમુખ કે.કે.ચૌહાણ (નિવૃત આઈ.એ.એસ.) તથા સંમેલનના ઉદઘાટક જ્યોત્સનાબેન લલિતભાઈ મકવાણા, સંયુક્ત કમિશનરશ્રી ચકાસણી ખોરાક અને ઔષધ પ્રયોગ શાળા, વડોદરા દ્વારા સંસ્થાની કામગીરીને બિરદાવવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે નરેશચંદ્ર કે. ચૌહાણ અને દેવેન્દ્રભાઈ ડી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ આર.કે.પરમારે સૌનું સ્વાગત તથા સંસ્થાનો પરિચય આપ્યો હતો તથા મોટી સંખ્યામાં સમાજના આગેવાનોએ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પ્રજાપતિ બળદેવભાઈ મંગળદાસ, ઉ.વ. ૭૦, સોનીપુર
- સ્વ. નાયી સુમિત્રાબેન રામાભાઈ, ઉ.વ. ૭૦, સેકટર-૨૭
- સ્વ. પટેલ ઈશાબેન ભીખાભાઈ, ઉ.વ. ૬૭, રૂપાલ
- સ્વ. મહેતા દેવાંગ વિનોદચંદ્ર, ઉ.વ. ૩૨, રાયસણ
- સ્વ. વણઝારા બેનાબેન રામજીભાઈ, ઉ.વ. ૭૦, સે-૨૮, ચરેડી છાપરાં
- સ્વ. ઠાકોર કલ્પેશજી રાજીજી, ઉ.વ. ૩૭, સેકટર-૧૩
- સ્વ. ઠાકોર ગલાબજી કાળાજી, ઉ.વ. ૬૧, સે-૧૫, ફતેપુરા
- સ્વ. ઠાકોર ચંદુજી વિસાજી, ઉ.વ. ૮૯, ચાંદીસણા

● રુદ્રભૂમિ ●

- સ્વ. ઠાકોર જયંતિજી જુગાજી, ઉ.વ. ૪૦, શાહપુર

# કાંઠા પ્રા. શાળાના બાળકો માટે તિથિ ભોજન યોજાયું




ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના કલોલ તાલુકાની કાંઠા પ્રાથમિક શાળાના બાળકોને સ્વ. શાંતાબેન ડાહ્યાભાઈ નારણદાસ પટેલની યાદમાં પ્રાથમિક શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. આ સાથે દરેક બાળકને પેડ, પેન્સિલ, રબર, સંચો સાથેના કંપાસનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડાહ્યાભાઈ નારણદાસ પટેલ, નટવરભાઈ ડાહ્યાભાઈ પટેલ, કનુભાઈ ડાહ્યાભાઈ પટેલ તથા શાળાના આચાર્ય સંજયભાઈ એલ. ભગોરા સહિત શાળાનો સમગ્ર સ્ટાફ તથા ગામના અગ્રણી મેહુલભાઈ રાવલ અને ગ્રામજનો આ પ્રસંગે હાજર રહ્યા હતા. શાળાના આચાર્યએ આ પ્રસંગે મુખ્ય દાતાનો આભાર માન્યો હતો.

# પેથાપુરમાં કંસારા ફળીયામાં ગટર ઉભરાઈ

ગાંધીનગર, તા.૧૯

પેથાપુરમાં કંસારા ફળીયામાં ઘણા લાંબા સમયથી ગટર ઉભરાવાથી રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. ગટરની દુર્ગંધ અને ગટરના પાણીથી ગંદકી ફેલાઈ રહી છે. રહીશોએ ઘણીવાર આ સમસ્યા અંગે અરજીઓ કરી હોવા છતાં કોઈ નિરાકરણ આવતું નથી. ગાંધીનગરમાં મોટામાં મોટું ગામ એટલે પેથાપુર, પેથાપુરને ગાંધીનગર મ્યુનિસિપાલીટીમાં સામેલ કરેલ છે તેથી ગાંધીનગર મનપા દ્વારા આ રહીશોની સમસ્યાનું નિરાકરણ કરવું જોઈએ. આ વિસ્તારના રહીશોએ કોર્પોરેટરને જાણ કરી છે તેમ છતાં ફરિયાદનો નિકાલ કરવામાં આવ્યો નથી. ગટરલાઈનમાં પાણીની પાઈપલાઈન લીકેજ હોય તેવું રહીશોને લાગી રહ્યું છે જેમાં રોગચાળો ફાટી નીકળે તેવો ભય સતાવી રહ્યો છે. પેથાપુરના રહીશોની આ સમસ્યાનું નિરાકરણ તાત્કાલિક ધોરણે જવાબદાર તંત્રએ કરવું જોઈએ. માત્ર ચૂંટણી ટાણે મોટા મોટા વાયદાઓ કરવાવાળા નગરસેવકોએ જનતાનો અવાજ સાંભળવો જ જોઈએ.

# મહાત્મા મંદિરથી મોકાનું બનેલું સુવિધા માટે ઝંખતું શહેરનું સેક્ટર-૧૪

## નાનકડું અને રુપકડું પણ કેટલીક પાયાની સુવિધાથી વંચિત રહી ગયેલું સેક્ટર-૧૪ : શહેરી કે સિટી બસ સેવાથી માંડીને જાહેર સાફ સફાઈ સાથે સુવિધા કચેરીના અભાવે કેટલીક પરેશાની ભોગવી રહ્યું છે

ગાંધીનગર, તા.૧૯

એક સમય એવો હતો જ્યારે ગાંધીનગરમાં સેક્ટર-૧૪ નકશો લઈને શોધવા બેસો તો ઝટ હાથ ચઢે તેવું નહોતું પરંતુ મહાત્મા મંદિર અને દાંડીકુટિર બાદ કેપિટલ રેલ્વેસ્ટેશન પ્રોજેકટના કારણે હવે અત્યંત મોકાની જગ્યાએ જણાતું નાનકડું અને રૂપકડું પણ છે. આમ તો સે.૧૪ રેલવેલાઈનથી બે ભાગમાં વિભાજિત છે જે પૈકી 'ક' રોડ તરફનો ભાગ આરક્ષિત છે જ્યારે 'ખ' રોડ તરફનો ભાગ સેક્ટર તરીકે વિકસાવાયેલો છે અને આ ભાગમાં એક કેન્દ્ર સરકાર હસ્તકની રેલ્વે કોલોનીને બાદ કરતાં અન્ય એક પણ સરકારી આવાસ વગરનું આ સેક્ટર છે. રૂપકડું એટલા માટે છે કે અહીં સામાજિક, સાહિત્યિક અને ધાર્મિક સાથે રાષ્ટ્રભક્તિને ઉજાગર કરતી અનેકવિધ પ્રવૃતિઓ કરતાં નાના-મોટા મંડળ સક્રીય છે. વળી, સેક્ટરની આસપાસમાં મહાત્મા મંદિર, દાંડી કુટિર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયન ટીચર એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય વગેરે ઉપરાંત હવે નવીન કેપિટલ રેલ્વે સ્ટેશન અને તેની ઉપર બનેલી પંચતારક હોટલ લીલા વગેરેનું સાનિધ્ય પ્રાપ્ત થયેલું છે. આ સેકટરમાં સમસ્યાઓ પણ ઝાઝી નથી પરંતુ જે છે તે તંત્રએ અવગણવા જેવી તો નથી જ.

આખા સેકટરમાં માંડ અઢીસો જેટલા ખાનગી પ્લોટ અને ગુજરાત હાઉસિંગ બોર્ડના એચઆઈજી અને એમઆઈજી ટાઈપના મળીને બીજા આશરે ચારસો જેટલાં રહેણાંક ફ્લેટ્સ ધરાવતાં સેકટર-૧૪માં વસાહતીઓને વસવસો એ એ બાબતનો છે કે સેક્ટરમાં નથી આંગણવાડી કે નથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નથી પોસ્ટ ઓફિસ કે નથી પોલીસ ચોકી, નથી રંગમંચ કે નથી સુવિધા કચેરી, બસ જે છે તે એક મોટો કોમન પ્લોટ છે જે જાહેર સાફસફાઈના અભાવે ગંદકી અને રખડતાં ઢોરના અડ્ડા જેવો છે અને બીજો એક જાહેર બગીચો છે જે હાલ રિનોવેશન હેઠળ છે. જોકે આ જાહેર બગીચો રિનોવેશન થઈને લગભગ તૈયાર છે જેનું ઉત્તરાયણ સુધીમાં લોકાર્પણ થઈ જશે તેવી આશા છે તેવું જણાવતા સે.૧૪ના જાગૃત વસાહત ફોરમના પ્રમુખ મહેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે આ બગીચામાં બાળકોને રમવાના જે સાધનો લગાડવામાં આવે તે તાજેતરમાં અન્ય કેટલાંક સેકટરોમાં બગીચાઓમાં નબળી ગુણવત્તાવાળા સાધનો હોવાથી તૂટી જવાના કિસ્સા સર્જાયા છે તેવા સાધનોને બદલે સારી ગુણવત્તાવાળા સાધનો નાંખવામાં આવે તો સારૂ. સેકટર-૧૪માં જાહેર સાફસફાઈનો અભાવ લગભગ દરેક ઠેકાણે ઊડીને આંખે વળગે છે સેકટરના પ્રવેશદ્વારે અંબેમાતાના મંદિર પાસેથી માંડીને કોમન પ્લોટ અને ખાલસા થયેલા ખાલી પ્લોટોમાં પણ જાહેર સાફસફાઈના અભાવે જંગલી ઝાડી-ઝાંખરાનો ઉપદ્રવ હોવાને કારણે સેકટરમાં ઝેરી જીવજંતુ તથા સરિસૃપો નીકળવાની ઘટનાઓ પણ સર્જાતી રહે છે. વળી ઊગી નીકળેલી વનસ્પતિના કારણે પણ રખડતા ઢોરો વધુ આકર્ષાય છે જે સેક્ટરમાં રમતા બાળકો તેમજ વૃધ્ધો-અશક્તો અને મહિલાઓ માટે જોખમરૂપ બને બને છે. સેક્ટર-૧૪ વસાહત મંડળના પ્રમુખ નરેન્દ્રભાઈ વાઘેલાનું કહેવું છે કે 'એક તો સેક્ટરની ફરતે બનાવાયેલી કમ્પાઉન્ડ વોલ પ્રવેશદ્વારે જ પ્લોટ નં.૧૪૪થી દિનદયાલ મોજણી સંસ્થા સુધીના ભાગની અગમ્ય કારણોસર અધુરી છોડી દેવાઈ છે અને પૂર્વ ડેપ્યુટી મેયરે સેકટરનું પ્રવેશદ્વાર બનાવી કેટલ ટ્રેપ લગાડી આપવાનો વાયદો કર્યો હતો જે હજુ સુધી પુરો થયો નથી.'

સેક્ટર-૧૪માં શિવશક્તિ સોસાયટીએ પોતાનું વસાહત મંડળ બનાવ્યું છે જેના સભ્ય જનકભાઈ શુકલના જણાવ્યા અનુસાર 'સેક્ટરના રોડ રસ્તાનું લેવલીંગ બિલકુલ અયોગ્ય છે, ધનુષ આકારે બે સાઈડમાંથી ઊંચા અને વચ્ચેથી નીચા લેવલ ધરાવતા રોડના કારણે ચોમાસામાં વરસાદી પાણીનો એટલો ભરાવો થાય છે કે વાહન લઈને પસાર થવું પણ મુશ્કેલ બની જાય છે'. સેક્ટર-૧૪માં બીજી મોટી સમસ્યા એ છે કે બાજુમાં મહાત્મા મંદિર બનવાથી મોટો ગેરફાયદો એ થયો છે કે જ્યારે પણ ત્યાં કોઈ નાની મોટી ઈવેન્ટ હોય ત્યારે તેમાં આવતા મુલાકાતીઓનાં અઢળક વાહનો સેકટરની અંદર પાર્ક થવા લાગે છે જેના કારણે સેક્ટરવાસીઓને પરેશાની ઉભી થાય છે. એમાં પણ જયારે વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ જેવા કોઈ મોટા વીવીઆઈપી નેતા આવવાના હોય ત્યારે ખ- રોડ પર લાગતા સુરક્ષા બંદોબસ્તને કારણે વસાહતીઓને પોતાના ઘરે આવવા જવા માટે પણ ભારે મથામણ માંથી પસાર થવું પડે છે. નરેન્દ્રભાઈ વાઘેલાના જણાવ્યાનુસાર સેકટરમાં કેટલાક વિસ્તારમાં પાણીનો અપૂરતો ફોર્સ અને ડહોળા પાણીની પણ સમસ્યા છે. આમ આ સેકટર નાનું ખરું પણ સમસ્યાઓ વસાહતીઓ માટે અકળાવનારી જરૂર છે.







'સેક્ટરને અન્ય સેકટરની જેમ સુવિધા કેન્દ્ર ફાળવવું જોઈએ જેથી નાગરિકો પોતાની રાવ ફરિયાદ કરી શકે. આ ઉપરાંત ખ-રોડથી લાલ દરવાજા કાલુપુરની એસટી બસ પણ બંધ થઈ ગઇ છે અને ખ રોડને આવરી લેતી સિટી બસ બંધ થઈ ગઈ છે જેના કારણે સેક્ટરને એક પણ બસની સુવિધા નથી.'

**- મહેન્દ્ર કે. ચૌહાણ**
**પ્રમુખ, સે.૧૪ જાગૃત વસાહત ફોરમ**

●●●

'સેક્ટર-૧૪ની જે કમ્પાઉન્ડ દિવાલ અધુરી છોડી દેવાઈ છે તે પુરી કરાય અને સેક્ટરમાં એકાદ નાનો રંગમંચ બનાવાય તો સેટ કરવા સ્ત્રીઓને નાનામોટા પ્રસન્ન કરવામાં સુવિધા રહે. સેક્ટરમાં જૂની ગટરો છે જે ચોકઅપ થઈ જાય છે જોકે નવી ગટર લાઈન મંજુર થઈ ગઈ છે અને તેનું કામ ચાલુ થઈ ગયું હોવાથી તે પ્રશ્ન ઝડપથી ઉકલી જશે'

**- મનુભાઇ વાળંદ**
**પ્રમુખ, શિવશક્તિ વસાહત મંડળ**






## જન્મદિને વધામણી



નિકીતાબેન શાહ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ કલબ



ડો. હાર્દિક વી તલાટી
યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ઉપ પ્રમુખ
(ફિઝિયોથેરાપિસ્ટ)
મો. ૭૯૯૦૫૨૮૨૬૨



ડો. જલધારા પટેલ
લાયન્સ કલફ ઓફ ગાંધીનગર ફેમીના



વ્યોમ અમીન
સ્થાપક, સ્કાય ગૃપ
મો. ૭૬૦૦૬ ૭૭૭૦૦



શ્રવણકુમાર પરમાર
ગાયક કલાકાર
મો. ૯૪૨૭૩ ૧૮૦૭૩



પરમાર જયેશકુમાર ડી
મો. ૯૮૯૮૯ ૯૨૨૬૫



જે.ઓ. શાહ
ઉપપ્રમુખ, વીવાયઓ, ગાંધીનગર
મો. ૯૭૨૭૭ ૬૮૮૮૩



આરવ ગજ્જર



ખ્વાહિશ કલ્પેશકુમાર સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦